# તમે

તમે પૂછ્યું નથી ને અમે બોલી પડ્યા,
તમે જોયું નથી ને અમે મોહી પડયા.

વણસેલી રાતોની ભીની આંખોમાં છૂપું -
આંસુ થવાના કર્યા કોડ,
ભાંગેલાં ગીતોના ટહુકા સાંધીને પેલા,
        પંખીએ તાણી'તી સોડ.
તમે લૂછ્યું નથી ને અમે રોઈ પડ્યા,
તમે પૂછ્યું નથી ને અમે બોલી પડ્યા.

કાગળનાં ફૂલ અમે ખીલી ઊઠયાં,
        તમે મહોર્યા બનીને એની મ્હેક,
ચીતરેલા મોર અમે ડોલી ઊઠયા,
        તમે ટહુક્યા બનીને એની ગ્હેક
તમે સ્પર્શ્યા નથી ને અમે કંપી ઊઠયા,
તમે ઊગ્યા નથી ને અમે મ્હોરી ઊઠયા.

શબ્દોના તારલાઓ તોડી તોડીને,
        એવું બાંધ્યું'તું મૌનનું આકાશ,
ઊડતા આ ટહુકાઓ પંખીની શોધમાં -
        પંક્તિના મળતા ના પ્રાસ,
તમે વરસ્યા નથી ને અમે છલકી ગયા,
અમે આંસુ બન્યા ને તમે સરકી ગયા.
                                        તમે..

## મને યાદ છે

મીરાંના ગાનમાં ઝૂમેલા શ્યામ પછી,
પોઢી ગયાનું મને યાદ છે.
રાધાની યાદમાં ડૂબેલા શ્યામ પછી,
ઝબકી ગયાનું મને યાદ છે.

મારા પત્રોના પહેરીને ઝાંઝર
મીરાંએ મેળવ્યો'તો મનડાનો તાલ
મારા આ હાથની વાંસળી વગાડીને શ્યામ
ખેલ્યા'તા રુદિયાનો રાસ
થાકેલી મીરાં તો માધવની સોડમાં
રાધા રૂઠ્યાનું મને યાદ છે.

મારી ઉદાસી આ નજરોમાં સુકાતું -
કોરું કદમ્બનું ઝાડ
આંસુની આંગળીએ રાધાએ
ઊંચક્યો'તો માધવની યાદોનો પ્હાડ

રાધા ને મીરાંના સપનાં સજીને પછી
માધવ બન્યાનું મને યાદ છે.

## આયખું

આપો તો આપો એક મઘમઘતી પળ
પછી લઈ લો આ કોરુંકટ આયખું.
આપો તો આપો એક મનગમતી પળ
પછી લઈ લો આ આખુંય આયખું.

કેવું ઝૂમ્યા ને પછી કેવું ઝૂર્યા ને પછી
કેવું જીવ્યાના હતા કોડ,
ગમતીલા એકાદા સપનાને કાજ,
મૂકી જીવતરના જાગરણની હોડ.
ભીનેરી આંખોનાં ઝાંખા ઉજાસમાં
ઝલમલતું ઝલમલતું આયખું.

આખુંય આભ મારી આંખોમાં રોપ્યું
ને કોળ્યું તે વેળાનું ગાન,
ખરતી પળેપળમાં, છાના નિઃશ્વાસોમાં
ખરતું ગયું છે બધું ભાન
આપો તો આપો પેલી પળનું એકાંત
પછી લઈ લો આ કલબલતું આયખું.

## વણખૂલ્યા હોઠ

મારે વણખૂલ્યા હોઠની કહેવી છે વાત,
મારા થંભ્યા હિંડોળાને ઝૂલવું રળિયાત.

ફૂલોનાં આંસુઓ લૂછે પતંગિયાં
ભમરા તો રસમાં ચકચૂર,
પાંપણનાં ઝાકળને સૂરજની ઝંખના
ને આંખો તો સપને ભરપૂર.
મારે વણખીલી કળીઓની કરવી છે વાત,
મારે વણખૂલ્યા...

રાધાની વેદનાનાં જંગલ ઊગ્યાં,
ને એમાં રઝળે છે મોરલીના સૂર,
આંખ અને આંસુને ઝીણો સંબંધ,
છતાં પાસે નથી કે નથી દૂર
મારે મનગમતા સગપણની કરવી છે વાત,
મારે વણખૂલ્યા...

મૂંગા પારેવડાનો છાનો ફફડાટ,
અહીં જગવે છે કેવું તોફાન!
વણગાયાં ગીતોનો ટહુકો ઊડે
અને ભૂલું છું કાન! સાનભાન.
હું તો ઘેનમાં ડૂબું અને વીતે છે રાત,
મારે વણખૂલ્યા...

## માધવનું એક નામ

એક આંખમાં વૃંદાવન ને બીજે ગોકુળ ગામ,
વચમાં જમુના જળમાં વ્હેતું માધવનું એક નામ.

મોરપીછમાં ફરક્યા કરતું માધવનું ના હોવું,
નમણી આ નજરો તો પૂછે શ્યામ વિના શું જોવું.
દ્વારિકામાં રાસ રચાતો - ગોકુળિયું સૂમસામ...

મોરલીના સૂર રાધા થઈને પૂછે માધવ ક્યાં?
મીરાંના મંદિરિયામાં કે કોઈનાં આંસુમાં,
માધવ ઝૂમે રાજનગરમાં મોરપીંછ બદનામ...

ક્યાં સુધી પુછાયા કરશે માધવની આ વાત,
ક્યાં સુધી પૂજાયા કરશે આઠમની એ રાત,
માધવ માધવ કરતાં કરતાં જાવું વેકુંઠ ધામ...
વચમાં...

# ઝાંખી-ઝાંખી એક સવારે

ઝાંખી ઝાંખી એક સવારે - કૂણો કૂણો તડકો ઝીલી -
ઝીણી ઝીણી પાંખ લઈને એક પતંગિયું આવે,
પીળી પીળી પાંખો પ્હેરી - ધોળો ધોળો તડકો લઈને -
ભૂરું ભૂરું આભ ઓઢી સાંજ ઉપાડી ચાલે.

કાળી કાળી આંખોમાંથી કોરી કોરી નજરો જાણે
ભીનું ભીનું આંસુ આવી પાંપણપાળે જઈને બેસે,
સૂકી સૂકી પાંપણ પરથી - છાનું છાનું આંસુ જાણે
ખુલ્લી ખુલ્લી આંખોમાંથી સપનું થઈને ટપકે.

છાની છાની વાત પછીથી કાલી-ઘેલી લાગણીઓની
લીલા લીલા ટહુકામાંથી ગીત બનીને ફૂટે,
કાળા કાળા પડછાયાએ ધીમા ધીમા ધબકારામાં
ઊના ઊના શ્વાસ લઈને માણસ થઈને છૂટે.

તૂટેલો-ફૂટેલો માણસ ખટમધુરા બંધન પહેરી
ભાંગ્યા-તૂટ્યાં સપનાં સાથે અમથું અમથું જીવે,
રોજ સવારે એ જ પતંગિયું ફડફડતી બે પાંખો પહેરી
કૂણો-કૂણો તડકો ઝીલી ભીનું-ભીનું અંબર ઓઢી,
સૂની સૂની સાંજ ઉપાડી રાત થઈને જંપે.

## ધારવાનું ગીત

ધારો તો એકાદું ફૂલ તમે ધારજો,
પણ રાતો ગુલમહોર રખે ધારતા,
સાંભળ્યું છે વાયરાએ ભૂંસી દીધી છે,
આખીયે આખી એની વારતા.

સમણું કહો છો તે તો નજરોની ભ્રમણા,
નજરો એ આંખોની ભૂલ
આંસુ તો સાવ જાણે આંખોની ઘટના,
કોણ જાણે ક્યાંય એનાં મૂળ.
ધારો તો ઝીણા ઝબકારાને ધારજો -
સૂરજ જેવું ન કશું ધારતા.

ટહુકા ખૂટ્યા ને પછી પીછાં ખર્યાં
- તોય સંભળાતું પંખીનું ગીત,
શ્વાસ જેવા શ્વાસને કહેવું પડ્યું,
કે મરવાની કેવી આ રીત?
ધારો તો ધીમા ધબકારાને ધારજો,
માણસ જેવું ન કશું ધારતા.

## પાંદડા ને લીલપની...

પાંદડા ને લીલપની વાતચીત તમે કદી સાંભળી છે?
- તો કવિતા લખો!
સૂરજની આંખમાં કદી આંસુ જોયું છે?
- તો કવિતા લખો!
ઝાકળ-બિંદુમાં આકાશ હોવાનો કદી ભાસ થયો છે?
- તો કવિતા લખો!
ક્ષણોના મહેલમાં એકલા રહેવાની ત્રેવડ છે?
- તો કવિતા લખો!
વરસાદી સાંજે મેઘધનુષમાં યાદ જેવું કંઈ ઝળહળતું દેખાયું છે?
- તો કવિતા લખો!
સૂકી ડાળ પરના અજંપાના ફૂલ કદી સંઘ્યા છે?
- તો કવિતા લખો!
શબ્દોની વચ્ચે પથરાતો મોનનો અવાજ કદી સાંભળ્યો છે?
- તો કવિતા લખો!
રિક્તતાના પૂરમાં ડૂબી અનહદનો આનંદ મેળવ્યો છે?
- તો કવિતા લખો!
હોવાની સલામતી વિના પોતાની સાથે એકલા રહેવાની હિંમત છે?
- તો કવિતા લખો!
બંધ આંખોમાં દષ્ટિ ન હોવાની વેદના કદી જોઈ છે?
- તો કવિતા લખો!
(સ્વ. સુરેશ દલાલને યાદ કરીને)

## ગીત

કલરવની દુનિયામાં સૂનો પડેલો એક ટહુકો બનીને અમે રહીએ,
પગરવની દુનિયામાં ભૂલા પડેલા એક પગલાની વાત હવે કહીએ.

પાંદડાની વારતાનાં પાનાં ઉકેલો છતાં જંગલ જેવું ન કશું વંચાતું,
વાદળાની ભાષાના શબ્દો ઉકેલો છતાં ઝાકળ જેવું ન કશું દેખાતું,
ચીતરેલા શબ્દોના ડાઘા ભૂંસીને કોરો કાગળ બનીને હવે રહીએ.

કાફલાની ધૂળના ઝીણા કોલાહલમાં મંજિલ જેવું ન કશું સંભળાતું,
છાની પ્રતીક્ષાના ઝાંખા ઉજાસમાં પગરવ જેવું ન કશું દેખાતું,
આવનારી ક્ષણ બધી ઝળહળ થઈ જાય એવો અવસર બનીને હવે
રહીએ...

## ગીત

આયખાની ભીતરમાં ફૂટેલા માણસને પૂછી શકો તો ફરી પૂછો,
કોરાકટ કાચમાંથી ઝરતું આ લોહી તમે લૂછી શકો તો જરા લૂછો.

લીલાછમ વાંસમાંથી ફૂટતા અંકુર
કેમ કરી જીરવ્યા જીરવાય નહીં,
એક વાંસળીની વેદનાના પડછાયા
કેમ કરી ઝાલ્યા ઝલાય નહીં.
સૂરજ વિનાનું પેલું તડકાનું ફૂલ, સૂંઘી શકો તો પછી સૂંઘો.
ભમ્મરિયા કૂવામાં ઘૂમરાયા કરતી
એ પથ્થરિયા સમણાની વારતા,
ફૂલો વિનાના આ બાવળિયા ગામમાં
અત્તરિયા કોઈ નહીં આવતા.
દૃષ્ટિ વિનાની કોઈ ખાલીખમ આંખોમાં ફરકી શકો તો જરા ફરકો.

## મને સાંભરે...

આખું આકાશ સાવ પીગળતું લાગે -
ને સૂરજ ઊગ્યાનું મને સાંભરે.
સૂરજ પણ ત્યાર પછી ઓગળતો લાગે
પછી કિરણ ફૂટ્યાનું મને સાંભરે.

નાની હથેળીમાં સંગોપી રાખી'તી
કેટલાય સ્પર્શોની વારતા,
મુઠ્ઠી ખોલો ને પછી ધૂમ્મસ મળે - તેને
ઘટના જેવું ન રખે ધારતા.
શક્યતાની રેખાઓ ભૂંસાતી જાય પછી
અટકળ ઊગ્યાનું મને સાંભરે...

ભીનાંછમ સ્મરણો જો ઊભરાતા લાગે -
તો આંસુ માનીને ન સારતા.
લાગણીનાં ફૂલ બધાં કરમાતાં લાગે -
તો પાનખર જેવું ન કશું માનતા.
હોવાની વેદનાની આખીય વારતામાં
માણસ બન્યાનું મને સાંભરે.

## પૂછોતો

પૂછો તો પંખીની જાતના,
તેમ છતાં ઊડવા જેવું ન કશું ફાવતું.
અડકો તો પીંછાની જાતના
તેમ છતાં ખરવા જેવું ન કશું લાગતું.

આખુંય આભ જાણે પાડે છે સાદ,
તોય છૂટે ના આંગણાનો સંગ,
ધોધમાર વરસાદ ન્હાયા છતાં,
નથી ઊતરતો હોવાનો રંગ.
માણસની આખ્ખીયે ઘટનામાં કોણ જાણે
જીવવા જેવું ન કશું આવતું.

બોદા અવાજોના ટોળાથી છૂટીને,
પહોચવું છે ટહુકાના દેશમાં,
અથડાતા અટવાતા થાકી ગયા છીએ,
અમથા આ માણસના વેશમાં.
ચાલ હવે મનવા મોનની મઢુલીમાં
જ્યાં કોઈ નથી બોલતું - બોલાવતું.

## ગીત

અચરજ જેવું જોયું,
એક પીળું પાન ખર્યું - વન આખુંયે રોયું.

વૃક્ષોની એ વારતામાં છાંયડા ના આવે,
ઓલવાતા અજવાળાને અંધારાં બોલાવે,
તેજ-તિમિરના કોલાહલમાં ઝળહળ જેવું ખોયું...

નાનકડા ઝાકળ બિંદુમાં ઊતર્યું છે આકાશ,
ચોતરફ કોની પથરાતી ભીનેરી સુવાસ,
ચૂપકીથી આવેલું આંસુ આંખોમાં પરોયું...

## ગીત

ક્યાં છે મારી ભોય,
રાત-દિવસ ઊડતા રહેવાનું, આવું તે કાંઈ હોય?

આંખો તો થાકી છે મિત્રો, આગળ આગળ જોઈ,
કેટલું મૂકીને આવ્યા પાછળ પાછળ ખોઈ,
સઘળું જીતી લીધું તો પણ સાથે ક્યાં છે કોઈ?

જેવા તેવા જ્યાં ને ત્યાં શું અમથું ના જિવાય?
ચંચળ મનને જીતીએ તો શું જીત્યા ના કહેવાય?
અંતે સૌએ ખરી જવાનું ખીલવું પડશે તોય.

## અમે માણસ

અમે માણસ તો મૃગજળની જાતના,
પાસે આવો તો ના હોઈએ,
પાંખો મળે તો પછી ઊડવાનું હોય,
એવું કહ્યું ના કોઈએ.

આમ જો જુઓ તો આખીયે વારતામાં,
ઘટના જેવું ન કશું આવતું,
ચાલવા માંડો તો ના પણ પહોચાય,
એવું ના કોઈ સમજાવતું!
માનીતી કૂપળની શોધમાં ને શોધમાં,
આખુંયે જંગલ અમે ખોઈએ.

વર્ષોની ઈચ્છાઓ ભેગી કરીને,
બાંધ્યું છે સંભવનું ઘર,
ખાલીપણાને ભરચક બનાવતાં,
ગમતા ચહેરાઓની હરફર,
કોઈ નથી આવવાનું જાણ્યું'તું તેમ છતાં,
ખોલેલાં બારણાં ખોલીએ.